Cri. Case No. 568/2016

**મે. એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ મધ્યે, કોર્ટ નં. – ૨૦, અમદાવાદ.**

**ક્રિમીનલ કેસ નં. : ૫૬૮/૨૦૧૬**

**આંક – ................**

**ફરીયાદી :–**

સરકાર

વિરૂધ્ધ

**તહોમતદારો :–** **(૧)લાખનસીંગ જીતસીંગ ભોડ(ચીખલીગર)**
**(૨)મમીરુલ ઉર્ફે મોમીનુર રાજુ અસગર મલેક**

**–:: કમીટલ હુકમ ::–**

(૧) આ કામના કેસની હકીકતો મુજબ આ કામના તહોમતદાર વિરૂધ્ધ **ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ. ર. નં. ૨૩૦/૨૦૧૫ થી ઈ.પી.કો.કલમ–૪૫૪,૪૫૭,૩૮૦,૪૧૩,૧૧૪** મુજબના ગુનાનું હાલનું ચાર્જશીટ અદાલત સમક્ષ રજૂ રાખવામાં આવેલ છે. આ કામે તહોમતદાર વિરૂધ્ધ દાખલ થયેલ ચાર્જશીટમાં દર્શાવેલ ગુનાની હકીકતો ધ્યાને લેતા આ કામના તહોમતદાર વિરૂધ્ધનો હાલનો કેસ ચલાવવા આ અદાલતને સત્તા મળતી હોવાની હકીકતો ફલિત થતી નથી. તેમજ સદરહું ગુનાની ટ્રાયલ ચલાવવાની સત્તા ના.સેસન્સ અદાલતને રહેલ છે.

(૨) આ કામે રેકર્ડની હકીકતો ધ્યાને લેતાં આ કામે લાંબા સમયથી આરોપીની ગેરહાજરીને કારણે આગળ ચાલી શકતું નથી. આ કામના તહોમતદારને અવાર – નવાર પ્રોસેસ કરવામાં આવેલા, પરંતુ આ પ્રોસેસ તહોમતદાર નં.(૨)મમીરુલ ઉર્ફે મોમીનુર રાજુ અસગર મલેક મળી આવતાં ન હોય તેમજ સ્થાનિકે રહેતાં ન હોવાના શેરા સાથે પ્રોસેસ પરત આવેલ છે. આરોપી નં.(૧)લાખનસીંગ જીતસીંગ ભોડ(ચીખલીગર) નો કમીટલ જવાબ સ્વીકારવામાં આવેલ છે. આમ, લાંબા સમયથી આ કામના તહોમતદાર (૨)મમીરુલ ઉર્ફે મોમીનુર રાજુ અસગર મલેક મળી

આવતાં ન હોય તેવી હકીકતો રેકર્ડ આધારીત ફલીત થઈ રહી છે.

(૩) તાજેતરમાં તા.૦૪/૦૬/૨૨ તથા તા.૧૭/૦૬/૨૨ ના રોજ નામ.મહે.ચીફ જસ્ટીસ સાહેબશ્રી સાથે થયેલી વિડિયો કોન્ફરન્સમાં નામ.મહે.ચીફ જસ્ટીસ સાહેબશ્રી તરફથી ગુજરાતના તમામ જ્યુડીશિયલ ઓફીસરોને જુના કેસોના નિકાલ કરવા સંબંધે આપેલ માર્ગદર્શન તેમજ કરવામાં આવેલી ચર્ચાઓને ધ્યાને લેતાં જો તહોમતદારો લાંબા સમયથી મળી આવતાં ન હોય તો આવા કેસો પૈકી જે કેસો અદાલતે પોતે ચલાવવાના થાય તેવા કેસો સી.આર.પી.સી. કલમ – ૨૯૯ તળે હુકમ કરી અદાલતે ચલાવવા જે કેસો સેશન્સ ટ્રાયેબલ છે અને આ અદાલતની હકુમતમાં ચાલી શકે તેમ નથી તેવા કેસોને સેશન્સ કમીટ કરવા તેવી આપવામા આવેલી સૂચનાઓને ધ્યાને લેતાં, તેમજ ગગન ઠાકુર વિ. સ્ટેટ ઓફ ઝારખંડ ૨૦૦૪ ક્રિમીનલ લો જનરલ ૧૯૧૦ ના કામે પેરા – ૮ તથા ૯ માં નામદાર મહેરબાન ઝારખંડની વડી અદાલતે ઠરાવેલ છે કે,

**8. If all the accused are absconding, the committing Magistrate can record the evidence in their absence under Section 299, Cr PC, but if one accused has been committed, then the evidence against him will be recorded by the competent trial Court at the same time against the remaining absconding accused, otherwise, the same set of witnesses has to appear at two forums to their harassment, and has to appear again if not covered by provisions of Section 299, Cr PC.**
**9. Absconding accused cannot be given premium to frustrate the justice or to misuse the process of law by treating them at par with those accused who have shown respect for legal processes and have appeared and have not evaded their arrest.**

તેમજ પેરા – ૧૨ માં નામદાર મહેરબાન ઝારખંડની વડી અદાલતે ઠરાવેલ છે કે,

**12. The Full Bench of Patna High Court reported in1985 Cr LJ 1238 (Pat), was discussing the provision of Section 319, Cr PC and found that the accused who were suspended on evidence could be summoned and sessions**

**Court took cognizance, but the Full Bench relied upon a decision rendered in the case of Joginder Singh v. State of Punjab, reported in 1979 Cr LJ 33, and quoted as under:--**

**"It will be noticed that both under Section 193 and Section 209, the commitment is of 'the case' and not of 'the accused".**

**Thus, it is the case which is committed and not the accused. Once the case has been committed, the absconding accused have to appear or brought before the sessions Court and the Sessions Judge is competent to remand him. The learned sessions Court should have proceeded against such accused as per the provisions for sessions trial, he erred in remanding back the case to committing Court and thus delayed the trial.**

નામદાર મહેરબાન વડી અદાલતે ઠરાવેલ ઉપરોકત માર્ગદર્શક સીધ્ધાંતો ધ્યાને લેતા તહોમતદારની ગેરહાજરીમાં પણ અદાલતને કેસ કમીટ કરવા માટે સત્તા મળતી હોવાનું ફલિત થાય છે. અદાલત કેસ કમીટ કરે છે તહોમતદાર કમીટ કરતી નથી તેવું ઠરાવેલ હોવાનું ફલિત થાય છે.

(૪) આ ઉપરાંત ઈસરાઈલ રાય અને બીજા વિ. સ્ટેટ ઓફ બિહાર ૧૯૯૪(૩) ક્રાઈમ્સ (એચ.સી) ૫૩૫ ના ચુકાદામાં નામદાર બીહાર હાઈકોર્ટે તેમજ શીબુ શોરેન વિ. ધી સ્ટેટ ઓફ ઝારખંડના ચુકાદામાં ઠરાવવામાં આવેલ સીધ્ધાંતો મુજબ જયારે કોઈ કેસ ચલાવવાની સત્તા આ અદાલતને રહેતી ન હોય અને માત્ર નામદાર મહેરબાન સસેશન્સ અદાલતને જ કેસ ચલાવવાની સત્તા મળતી હોય ત્યારે આવો કેસ કમીટ કરવાનો રહેતો હોય તેવી કાયદાની સ્થિતિ રહેલ છે. તે તમામ હકીકતો તથા કાયદાની સ્થિતિ ધ્યાને લેતા આ કેસ નામદાર મહેરબાન સેશન્સ અદાલત તરફ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ – ૨૦૯ મુજબ આગળની કાર્યવાહીઓ થવા માટે હાલના તબકકે મોકલી આપવાનું ન્યાયોચીત જણાઈ આવતુ હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: આખરી હુકમ : -**

ક્રિ.પ્રો.કો. ની કલમ – ૨૦૯ અન્વયે આ કામના તહોમતદાર નં. (૧)લાખનસીંગ જીતસીંગ ભોડ(ચીખલીગર) તથા નં. (૨)મમીરુલ ઉર્ફે મોમીનુર રાજુ અસગર મલેક વિરૂધ્ધનો હાલનો કેસ **ઓઢવ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ. ર. નં. ૨૩૦/૨૦૧૫ થી ઈ.પી.કો.કલમ– ૪૫૪, ૪૫૭, ૩૮૦,૪૧૩,૧૧૪** મુજબના ગુનાની ઈન્સાફી કાર્યવાહી થવા સારૂં સદરહું કેસ નામદાર સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ ખાતે કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહું કેસનું તમામ રેકર્ડ તથા મુદ્દામાલ ઉપરોકત નામ.સીટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટમાં મોકલી આપવા.

સદર હુકમની જાણ પબ્લીક પ્રોસીકયુટરશ્રીને કરવી.

હુકમ આજ તા. ૦૧ મી, માહે – ઓગષ્ટ, સને – ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

**તા. ૦૧/૦૮/૨૦૨૩.**
**સ્થળ:–અમદાવાદ.**

**(દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પટેલ)**
**એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,**
**કોર્ટ નં.૨૦, અમદાવાદ.**
**કોડ નં – જીજે – ૦૦૯૨૫**